UGVCL
Uttar Gujarat Vij Company Ltd.
CIN – U40102GJ2003SGC042906
M.N.College Road,Division Office, Visnagar.

# ADVERTISED TENDER

| | |
|---|---|
| E-URJA PO REQUISITION NO | 498897 |
| E-URJA PO RFQ NO | |

TO,
M/s___________________________
___________________________
___________________________
___________________________

**Name of Work:** Monthly rent base Hiring of Office building for Sub Division Office–2 Vadnagar.
**NIVIDHA NO. : MSNCO/096/2022**

| | |
|---|---|
| Estimate cost. | Rs. 18,00,000.00 |
| Earnest Money. | Rs. 18000 |
| Security Deposit. | Rs. 5% of order value |
| Relevant documents (By Registered Post A.D. or Speed Post only) submission date | On or before date 20/07/2022 Up to 18.00 Hrs |
| Date of opening of Tender fee, EMD cover and Technical Bid physical as well as online(if possible) | Date 22/07/2022 up to 12.00 Hrs |
| Type of tender | Item Rate. |
| Tender Fee | Rs.1180 (1000+18%GST) |
| Time Limit. | 5 Year |

Earnest money deposit will be accepted in cash or by demand draft of any schedule bank at Visnagar in favor of UTTAR GUJARAT VIJ COMPANY LIMITED, cheques or Bank guarantee will not be accepted.

Tender received only through RPAD & speed post will be accepted.

Executive Engineer
Division Office
Visnagar.

SUB DIVISION OFFICE, VADNAGAR.2
SCHEDULE-' B'

**SUB: Hiring of Building for Vadnagar.2 Sub Division Office under Visnagar Division.**

| Sr. No. | Description | Office Rent Per Month | Total Amount (5 years) |
|---|---|---|---|
| 1 | **Hiring of office building for Vadnagar.2 Sub Division office with attached condition** | | |
| **Total amount in Words:** | | | |

Executive Engineer
Division Office
Visnagar.

**Signature of Bidder**
**With stamp**

## જાહેર નિવિદા

ટેન્ડર નોટીસ નં.યુજીવીસીએલ/વિસનગર વિભાગીય કચેરી/૨૦૨૨-૨૩.

ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ને વડનગર.૨ પેટા વિભાગીય કચેરી માટે ભાડાનું મકાન જોઇએ છે. તો નીચેની જરુરિયાતો /શરતો પ્રમાણે રસ ધરાવતાં મકાન માલિકો પાસેથી ઓફર મંગાવવામાં આવે છે.

૧. મકાનની જરુરિયાત વડનગરના શહેરી વિસ્તારમાં હોવુ જોઇએ.

૨. મકાન હવા-ઉજાસવાળું તેમજ ઓફીસના કામકાજ માટે અનુકુળ હોવું જરુરી છે તથા ભોંયતળિયાના મકાનને અગ્રતા આપવામાં આવશે.

3. મકાનનો ઉપયોગી કારપેટ એરિયા અંદાજિત ૧૭૦૦ ચો.ફુટ હોવો જોઇએ.

૪. મકાન પાર્કિંગની સગવડ તથા વીજબીલ ભરવા આવતાં ગ્રાહકો માટેની સુવિધાવાળુ હોવું જોઇએ. તમજ મકાનમાં યુજીવીસીએલના માલસામાનની સલામતિ રહે તેવા સ્ટોરની અલગ જગ્યા ફાળવવાની રહેશે.

૫. મકાનમાં પીવાના/વાપરવાના પાણીની સગવડ તથા જેન્ટસ અને લેડીઝ માટે અલગ ટોઇલેટની સગવડ હોવી જોઇએ.

૬. મકાનમાં ઓફીસ માટે જરુરી નાયબ ઇજનેર, કેશીયર વગેરે માટે અલગ કેબીનની સગવડ કરી આપવાની રહેશે.

૭. સક્ષમ અધિકારીની સુચના મુજબ મકાનમાં ઓફીસની જરુરિયાતને અનુકૂળ સામાન્ય ફેરફાર કરવાના થાય તો મકાન માલિકે પોતાના સ્વખર્ચે કરી આપવાના રહેશે.

૮. મકાનમાં ઓફીસ માટે જરુરી લાઇટફીટીંગ કરી આપવાનું રહેશે. પંખા, ટયુબલાઇટ તથા કોમ્પ્યુટર માટેના લેન નેટવર્કિંગના ઇલેકટ્રીફીકેશન કામ/સગવડ બાબતે સ્પષ્ટતા કરવાની રહેશે.

૯. મકાન માલિકે પ્રતિ માસ ભાડાની રકમનો સ્પષ્ટ ઉલ્લેખ કરવોનો રહેશે.ઇન્કમટેક્ષના નિયમોનુસાર ટેક્ષ આપના બિલમાંથી કાપવામાં આવશે.

૧૦. મકાન માલિકે ભરેલ માસિક ભાડાની રકમના વાજબીપણા માટેની પૂર્તતા માટે મકાન જે વિસ્તારમાં આવેલ હોય તે વિસ્તારમાં ચાલતા ભાડાના પુરાવા અથવા ગર્વનમેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅરનું સર્ટિફિકેટ પોતાની અરજી સાથે અચૂક આપવાના રહેશે.

૧૧. મકાનને લગતા તમામ કરેવેરા મકાન માલિકે ભોગવવાના રહેશે. જયારે લાઇટબીલ ભાડૂઆતે ચુકવવાનૂ. રહેશે.

૧૨. મકાનમાં કોમમ મેઇન્ટેનન્સ ચાર્જ ભરવાપાત્ર થતો હોય તો તેના ચુકવણાની જવાબદારી મકાન માલિકની રહેશે.

૧૩. એગ્રીમેન્ટ પિરિયડનો કરાર ઓછામાં ઓછા પાંચ વર્ષનો કરવાનો રહેશે.

૧૪. જયારે પણ અનિવાર્ય સંજોગોમાં ભાડૂઆતે મકાન ખાલી કરવાનૂ. થાય તો મકાન માલિકને એક મહિના અગાઉ નોટીસ આપી ખાલી કરી શકાશે.

૧૫. મકાન માલિકે પોતાની અરજી સાથે મકાનના પ્લાનની કોપી મોકલવી જરુરી છે. પ્લાનની કોપીમાં મકાન મલિકે પોતાની સહી કરવાની રહેશે.

૧૬. મકાન માલિકે પોતાની અરજી સાથે મકાનની માલિકી અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ કરવાનો રહેશે.

૧૭. મકાન માલિકે પોતાની અરજીમાં ઉપરોક્ત શરતો/વિગતો નો અચૂક ઉલ્લેખ કરવો.

૧૮. કોઇપણ અરજી/ઓફર સ્વીકારવી કે નહિ તેનો અબાધિત અધિકાર કંપનીના સક્ષમ અધિકારીશ્રીનો રહેશે.

૧૯. જે મકાન માકિલનું મકાન બધીજ રીતે યોગ્ય લાગશે તેવા અરજદારને જરુર જણાશે તો રુબરુ ચર્ચા માટે બોલાવવામાં આવશે.

૨૦. મકાન માલિકે ભાવપત્રકનું અલગ સીલબંધ કવર બનાવવાનું રહેશે. જેના ઉપર "વડનગર-૨" પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે આપવાનું ભાવપત્રક" અવશય લખવાનું રહેશે. આ ભાવપત્રકનું કવર મુખ્ય કવરની અંદર જરુરી દસ્તાવેજો અને ટેન્ડર ફી તેમજ ઇએમડીના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે મુકવાનું રહેશે. મુખ્ય કવરની ઉપર વડનગર-૨ પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે આપવાની ઓફર અવશ્ય લખવાનુ રહેશે.

૨૧. મકાન માલિકે પોતાની ઓફર /અરજી સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી નીચેના સરનામે તા. ૧૨.૦૭.૨૦૨૨ ના ૧૫:૦૦ વાગ્યા સુધી મળી રહે તે રીતે મોકલવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
વિભાગીય કચેરી, વિસનગર.

૨૨. સફળ માકાન માલિકે પાંચ વર્ષની ભાડાની કુલ રકમના ૫% સિક્યોરીટી ડીપોઝીટ પેટે ભરવાની રહેશે, ત્યાર બાદ ઓર્ડર આપવામાં આવશે.

૨૩. ઉપરોક્ત બાબતે ન્યાયિક કાર્યક્ષેત્ર વિસનગર રહેશે.

સૂચના :- કવરની નીચે બાજુએ મોકલનારનું સરનામું લખવાનું રહેશે તેમજ કવર ઉપર વડનગર-૨ પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે આપવાની ઓફર અવશ્ય લખવાનું રહેશે.

મકાન માલિકની સહી તથા સિકકો

કાર્યપાલક ઇજનેર
વિભાગીય કચેરી, વિસનગર.